## *સુરતના ચોથા અધિક જીલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાં.*

ફોજદારી પરચુરણ અરજી નં.૪૦૬૨/૨૦૨૬
આંક–

મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ મોહમ્મદ જાવેદ
મોહમ્મદ યાસીન પઠાણ
ઉ.વ.આ.૨૩, ધંધો–નોકરી,
રહે. રૂમ નં.૦૫, પ્લોટ નં.૫૮૨/૫૮૩, સુધીર રાઘવના મકાનમાં,
ક્રિષ્ણનાગર સોસાયટી, ઇચ્છાપોર બસ સ્ટેન્ડ નં.૩ પાસે,
ઇચ્છાપોર, સુરત.

............................અરજદાર

હાલ– મધ્યસ્થ જીલ્લા જેલ, લાજપોર, સુરત.

– વિરૂદ્ધ –

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થૃ વિ.એ. પી. પી. શ્રી,સુરત

................................સામાવાળા

**<u>બાબતઃ</u>– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

હાજર રહયા–

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી પી.એમ.પટેલ/વી.એમ.પટેલ.
સરકારશ્રી તરફે વિ.એપીપીશ્રી ટી.એ.પંચોલી.

## - <u>JUDGMENT</u> -

**૧.** હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપી ઇચ્છાપોર પો. સ્ટે. પાર્ટ એ ગુ. ર. નં.૧૧૨૧૦૦૧૯૨૬૦ ૨૮૪/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(આઇ), ૭૮(૨), ૮૭, ૩૫૧(૨), ૫૪, ૩૩૬(૨), ૩૩૬(૩), ૧૩૭(૨), આઇ.ટી.એકટની કલમ ૬૬(ડી), ૬૬(ઇ) તથા પોકસો એકટની કલમ–૪, ૭, ૮, ૧૧(૨), ૧૨, ૧૭ મુજબના ગુનાના કામે તા.૨૨/૦૩/૨૬ ના રોજ અટક કરવામાં આવેલ અને તા.૨૭/૦૩/૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદથી તેઓ કસ્ટડીમાં હોય હાલની અરજી બી.એન.એસ. એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મંજુર કરવા અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

અરજદાર/આરોપીએ તેમની અરજીની સાથે આંક–૩ ના લીસ્ટથી

દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જેમાં હાલના ગુનાની એફ.આઇ.આર., ચાર્જશીટના આખરી અહેવાલની, અરજદાર/આરોપીનાં આધારકાર્ડની તથા અલગ અલગ જામીન અરજીના હુકમની નકલો રજુ કરેલ છે.

**૨.** અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપી અને ભોગ બનનાર એક જ સોસાયટીમાં રહેતા હતા અને તેઓ વચ્ચે પ્રેમસંબંધ હતો. અરજદાર/આરોપીની ઉંમર માત્ર ૨૩ વર્ષની છે. સદર ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે. તેમજ સદર ગુનાની મહત્તમ સજાકીય જોગવાઇ ૧૦ વર્ષની છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદ વંચાણે લેતાં બનાવના એક વર્ષ બાદ હાલની ફરીયાદ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ ભોગ બનનારનું અપહરણ કરી તેની સાથે કોઇ ગેરકાયદેસરનું કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી. તપાસ કરનાર અમલદારે ગુનાની અધુરી તપાસ દરમ્યાન અરજદાર/આરોપીને ગંભીર પ્રકારના ગુનામાં કિન્નાખોરી અને રાગદ્ધેશ રાખી સદર ગુનામાં સંડોવી દીધેલ છે. ફરીયાદમાં અરજદાર/આરોપીનું નામ પણ જણાવેલ નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ત.ક.અ.એ તપાસ પુર્ણ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરી દીધેલ છે અને તેને પોકસો કેસ નં.૧૧૨/૨૦૨૬ પડેલ છે જેથી વધુ કોઇ તપાસ કરવાની બાકી રહેતી નથી જેથી પુરાવા સાથે ચેડા કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ખુબ જ યુવાન વયના ઇસમ છે અને અરજદાર/આરોપી ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે જેથી નાસી ભાગી જવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર/આરોપીને વધુ સમય કસ્ટડીમાં રાખવામાં આવે તો તેનું ભવિષ્ય બરબાદ થાય તેમ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, સહઆરોપીઓને નામદાર કોર્ટે જામીન મુકત કરેલ હોય હાલના અરજદાર/આરોપીને પેરેટીનો લાભ મળવાપાત્ર છે.

વધુમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી કોઇ ગુનાહિત ઇતિહાસ ધરાવતા નથી. નામદાર કોર્ટે જે શરતો ફરમાવશે તે તમામનું

પાલન કરવા તેઓ તૈયાર છે તે તમામ વિગતો તેમજ નામદાર સુપ્રિમકોર્ટે સંજયચંદ્રા વિ. સી.બી.આઇ., જી.એલ.એચ.૨૦૧૨(૧) પાના નં.૯૩ તથા ભગીરથસિંહ જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, એ.આઇ.આર.૧૯૮૪, પાના નં.૩૭૨ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદાર/ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

**3.** આ કામે અરજદાર/આરોપીની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા, સામાવાળા તરફે વિ.એપીપીશ્રી તથા તપાસ કરનાર અમલદાર હાજર થયેલ છે. તેમજ તપાસ કરનાર અમલદારે આંક-૦૬ થી અરજદાર/આરોપીની જામીન અરજીની વિરૂદ્ધમાં પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે. આ કામે સામાવાળાશ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**૪.** સરકારશ્રી તરફે વિ.એપીપીશ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી મુખ્ય આરોપી છે અને તેઓએ સહઆરોપીઓ સાથે મળી ગંભીર પ્રકારનો હાલનો ગુનો કરેલ છે. અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદી જે સોસાયટીમાં રહે છે તેજ સોસાયટીમાં અરજદાર/આરોપી રહે છે જેથી ફરીયાદી, સાહેદો તથા ભોગ બનનારને ધાક ધમકી આપી, ડરાવી ધમકાવી અથવા લોભ લાલચ આપે તેવી પુરેપુરી શકયતાઓ રહેલી છે. વધુમાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો જાહેર સુલેહ શાંતીનો ભંગ થાય તેવી પણ પુરેપુરી શકયતાઓ રહેલી છે. અરજદાર/આરોપી મુળ બિહારના વતની છે જેથી જામીન ઉપર મુકત થયેથી નાસી ભાગી જવાની શકયતા નકારી શકાય તેમ નથી. અરજદાર/આરોપી ને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીથી આવા જ ગુનાઓ કરશે અને આવા ગુના કરવાવાળાને કાયદાનો કોઇ ડર રહેશે નહિં તેમ જણાવી અરજદાર/આરોપીની હાલની અરજી ન્યાયના હિતમાં નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** ફરીયાદી તથા ભોગ બનનાર જાતે કોર્ટમાં હાજર હતા અને તેઓએ હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો તેઓને વાંધો હોવાનું જણાવેલ છે.

**૫.** બંન્ને પક્ષે કરવામાં આવેલ દલીલો, જામીન અરજીની વિગતો, એફ.આઇ.આર, ત.ક.અમલદાર દ્ધારા રજૂ આંક–૦૬ વાળું સોગંદનામું તથા પોલીસ પેપર્સ ધ્યાને લીધા. હાલના અરજદાર/આરોપી વિરૂદ્ધ ઇચ્છાપોર પો. સ્ટે. પાર્ટ એ ગુ. ર. નં.૧૧૨૧૦૦૧૯૨૬૦૨૮૪/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ (૨)(આઇ), ૭૮(૨), ૮૭, ૩૫૧(૨), ૫૪, ૩૩૬(૨), ૩૩૬(૩), ૧૩૭(૨), આઇ.ટી.એકટની કલમ ૬૬(ડી), ૬૬(ઇ) તથા પોકસો એકટની કલમ–૪, ૭, ૮, ૧૧ (૨), ૧૨, ૧૭ મુજબના ગુનાનો આરોપ છે.

વધુમાં હાલના અરજદાર/આરોપી તા.૨૨–૦૩–૨૦૨૬ થી જયુડી. કસ્ટડીમાં છે. તેમજ અરજદાર/આરોપીની તા.૨૭/૦૩/૨૦૨૬ સુધીની વધુ પોલીસ કસ્ટડી મેળવેલ છે.

સદર ગુનાના કામે હાલના અરજદાર/આરોપી સામે તેઓએ સહઆરોપીઓ સાથે ભેગા મળી ભોગ બનનારનું અપહરણ કરી ભોગ બનનાર સાથે દુષ્કૃત્ય કરેલાનો તથા ભોગ બનનારના પરીવાર ઉપર નજર રાખી ધમકી આપેલાનો મુખ્ય આરોપ ફરીયાદપક્ષે જણાવેલ છે.

હાલના કામના ભોગબનનારની ઉંમર આશરે ૧૬ વર્ષ અને ૦૯ માસ હોવાનું જણાવેલ છે. જ્યારે હાલના અરજદાર/આરોપીની ઉમર ૨૩ વર્ષ હોવાનું જણાય આવે છે.

વધુમાં, અરજદાર/આરોપીની જામીન અરજી તથા તપાસકર્તા અમલદાર ના સોગંદનામામાંથી અરજદાર/આરોપી સુરતના સ્થાનીક રહેવાસી હોવાની વિગતો જણાય આવે છે.

વધુમાં, ત.ક.અ.નું સોગંદનામું વંચાણે લેતા અરજદાર/આરોપી સામે ગુનાહિત ઈતિહાસ હોવાની વિગત જણાય આવતી નથી.

વધુમાં ત.ક.અ.એ રજુ કરેલ એફીડેવીટ વંચાણે લેતાં અરજદાર/ આરોપીની આ પ્રથમ જામીન અરજી હોવાનું જણાય આવે છે તેમજ હાલમાં સદર ગુનાની ચાર્જશીટ પુર્ણ થઇ ગયેલ છે. તેમજ અરજદાર/આરોપીની સદર ગુનાની તપાસના કામે કોઇ જરૂરીયાત હોય તેવી પણ કોઇ વિગતો જણાય આવતી નથી. તેમજ ત.ક.અ. એ તેમની એફીડેવીટમાં જે દહેશત દર્શાવેલ છે તેને સખ્ત શરતો

લાદી નિવારી શકાય તેમ છે. વધુમાં, સદર ગુનાના સહઆરોપીઓ જામીનમુકત થયેલ છે.

વધુમાં, હાલના અરજદાર/આરોપી સુરત જિલ્લામાં તેમના પરીવાર સાથે રહેતા હોવાનું અને તેમના ઉપર તેમના પરીવારની જવાબદારી હોવાનું જણાવેલ છે. ત્યારે અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો નાસી–ભાગી જશે અને ટ્રાયલ દરમિયાન હાજર નહીં રહે તેવું માનવાને કોઇ કારણ જણાય આવતું નથી.

આમ, હાલના અરજદાર/આરોપીની જામીન અરજી તથા સલંગ્ન પેપર્સની પ્રથમ દર્શનીય વિગતો અને અરજદાર/આરોપીના વિ. વ. શ્રીની દલીલ જોતા, નામદાર સર્વોચ્ચ તથા નામદાર વડી અદાલતના માર્ગદર્શક ચુકાદાઓમાં જામીન અંગેના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંત તેમજ, નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદા ***Sanjay Chandra vs. C.B.I. reported in (2012) 1 SCC 40*** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં તથા જામીન ઉપર મુકત કરતી વખતે અદાલતે કેસના ગુણદોષ ઉપર નહિ ઉતરીને માત્ર કેસની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલો રોલ તથા સજા અંગેની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. તેમજ પ્રર્વતમાન સંજોગો ધ્યાને લેતાં સદર કેસની કાર્યવાહી ચાલીને પુર્ણ થવામાં સમય જાય તેમ છે અને ત્યાં સુધીમાં અરજદાર/આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં રાખી મુકવાનું આ કામે હાલ ઉચિત જણાય આવતુ નથી. આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન માટેની અરજી નં.૪૦૬૨/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપીને તેમની વિરૂદ્ધ નોંધાયેલ ઇચ્છાપોર પો. સ્ટે. પાર્ટ એ ગુ. ર. નં.૧૧૨૧૦૦૧૯ ૨૬૦૨૮૪/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ

૬૪(૨)(આઇ), ૭૮(૨), ૮૭, ૩૫૧(૨), ૫૪, ૩૩૬(૨), ૩૩૬(૩), ૧૩૭(૨), આઇ.ટી.એકટની કલમ ૬૬(ડી), ૬૬(ઇ) તથા પોકસો એકટની કલમ–૪,૭,૮, ૧૧(૨),૧૨, ૧૭ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના **બે સધ્ધર** જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત કોર્ટમાં સંતોષકારક જણાય તે રીતે રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શરતો–**

**૧.** અરજદાર/આરોપીએ આજ કે, આવા કોઈ પણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરાવવું નહી.

**૨.** અરજદાર/આરોપીએ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

**૩.** અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહી કે, કેસને નુકસાન થાય તેવી પ્રવૃતિ કરવી નહી.

**૪.** અરજદાર/આરોપીએ પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું ત.ક.અમલદારશ્રી તથા સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં આધાર પુરાવા સહિત રજુ કરવું.

**૫.** અરજદાર/આરોપીએ માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ.

**૬.** અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં તપાસ માટે બોલાવે ત્યારે હાજર રહેવુ.

**૭. અરજદાર/આરોપીએ બનાવના સ્થળે કે ભોગ બનનાર કે તેના સાહેદો જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારમાં સદર કેસની ટ્રાયલ પુર્ણ થતા સુધી પ્રવેશ કરવો નહિં.**

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપો આપ રદ્દ થયેલા ગણાશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સબંધિત પોલીસ સ્ટેશન તથા

જીલ્લા જેલ લાજપોર, સુરતને હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજ તા.૦૯મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Date: 09-06-2026
Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UNI No.GJ00672)